# બનાસકાંઠામાં કાળઝાળ ગરમીથી બે ના મોત

પાલનપુર, તા. ૧૫

બનાસકાંઠા જિલ્લામાં ગરમીએ છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. સતત ગરમીનો પારો ઉપર જતા જિલ્લાવાસીઓ ભારે ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. કાળઝાળ ગરમી વચ્ચે ડિસા નજીકના ભિલડી અને પાલનપુરમાં એક-એક વ્યક્તિના મોત નિપજ્યા હતા.

રાજસ્થાન રાજ્યને અડીને આવેલ બનાસકાંઠા જિલ્લો હાલ અગન ભઠ્ઠીમાં સેકાઈ રહ્યો છે. છેલ્લા ૧૦ દિવસ થીગરમીનો પારો ૪૩ થી ૪૫ ડિ.સે. વચ્ચે નોંધાઈ રહ્યો છે. જેને પગલે



સ્થાનિકો જિલ્લાવાસીઓ વહેલી સવારથી જ ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કરે છે. અને ગરમીથી બચવા એસી, કુલર વગેરે ઉપકરણોનો ધમધોકાર ઉપયોગ કરી રહ્યા છે. બીજી તરફ તડકાને લીધે પ્રવાસ અને ટુર પણ રદ કરી નાખી છે. તો અંબાજી તરફ આવતા શ્રદ્ધાળુઓમાં પણ ઘટાડો થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં ગરમીએ પોતાનું રોદ્ર સ્વરૂપ ધારણ કરતા આજે પારો ૪૫ ડિ.સે. પહોંચ્યો છે. પરિણામે જિલ્લાવાસીઓને ગરમીથી રાહત મળે તેમ નથી.

# મોડાસા માર્કેટયાર્ડ દ્વારા ત્રણ વેપારી પેઢીના લાયસન્સ હંગામી ધોરણે રદ કર્યા

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (માર્કેટયાર્ડ)માં ત્રણ પેઢીઓ ચલાવતા વેપારીએ માર્કેટયાર્ડના કર્મચારીઓ અને બોર્ડના સભ્યો સાથે અસભ્ય વર્તન કરતા માર્કેટયાર્ડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી માર્કેટયાર્ડના સેક્રેટરીએ આ ત્રણેય પેઢી ચલાવતા વેપારીનું હંગામી ધોરણે લાયસન્સ રદ કરવાનો નિર્ણય કરી લાયસન્સ રદ કરાતા માર્કેટયાર્ડના વેપારીઓ માર્કેટયાર્ડના કર્મચારીઓ જોડે ખરાબ વર્તન કરતા પહેલા વિચાર કરશે.

મોડાસા માર્કેટયાર્ડમાં ખેડૂતો પાસેથી માલ ખરીદવા તેમજ હરાજીમાં ભાગ લેવા માટે વેપારીઓએ માર્કેટયાર્ડમાંથી લાયસન્સ મેળવી ધંધો કરી શકે છે. મોડાસા માર્કેટયાર્ડમાં ઋષભ એન્ટરપ્રાઈઝ, રૂષભ ટ્રેડીંગ અને શાહ રમણલાલ શામળદાસ નામની ત્રણ પેઢીઓ ચલાવતા મુકેશભાઈ આર. શાહ દ્વારા ગત તા. ૧૨-૫-૨૦૧૬ના રોજ માર્કેટયાર્ડના કર્મચારી અને સમગ્ર બોર્ડને બિભત્સ ગાળો બોલી અશોભનીય વર્તન કરાતા ઉપવિઘ-૨૪નું સરેઆમ ઉલ્લંઘન કરાતા માર્કેટયાર્ડના સેક્રેટરીએ વેપારીને

## રૂપલ એન્ટરપ્રાઈઝ, રૂષભ ટ્રેડીંગ અને શાહ રમણલાલ શામળદાસના માલીકે કર્મચારીઓ સાથે ગેરવર્તણુંક કરી

નોટીસ ફટકારી હતી. જેમાં જણાવ્યું હતું કે એક લાયસન્સદાર વેપારી માટે આવુ વર્તન અશોભનીય અને લાંછનરૂપ હોવાથી ત્રણેય વેપારી લાયયસન્સ હંગામી ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યુ હતુ. મોડાસા માર્કેટયાર્ડ દ્વારા આ વેપારીને ૧૯-૫-૨૦૧૬ના રોજ સમિતિની ડિસ્પ્યુટ કમિટી સમક્ષ હાજર રહેવાનું ફરમાન કરવામાં આવ્યું છે. જો વેપારી કમિટી સમક્ષ ઉપસ્થિત રહી પોતાનો પક્ષ રજુ નહિ કરે તો માર્કેટયાર્ડ દ્વારા એક પક્ષીય નિર્ણય લેવાની ફરજ પડશે. આમ માર્કેટયાર્ડના અસભ્ય વર્તન કરનાર વેપારી સામે કડક કાર્યવાહી કરી હંગામી ધોરણે લાયસન્સ સસ્પેન્ડ કરતા મોડાસા ખેતીવાડી બજાર ઉત્પન્ન સમિતિમાં લાયસન્સ ધરાવતા અન્ય વેપારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. માર્કેટયાર્ડમાં ફરજ બજાવતા કર્મચારીઓમાં માર્કેટયાર્ડના સત્તાધીશો દ્વારા લેવાયેલા શિક્ષાત્મક પગલાથી હાશકારો અનુભવ્યો હતો.

# પનાપુર નજીક બાઈક અને ટેન્કર વચ્ચે અકસ્માતમાં પિતા-પુત્રની હાલત ગંભીર

તલોદ, તા.૧૩

તલોદ તાલુકાના પનાપુર પંથકમાં એક બાઈક અને ટેન્કરની ટકકરથી થયેલા વાહન અકસ્માતમાં બાઈક ઉપર મુસાફરી કરી રહેલા પનાપુર ગામના ક્ષત્રીય સમાજના પિતા પુત્ર ઈજાગ્રસ્ત બન્યા હતા. જેઓના બાઈકને ટકકર મારી દૂધના ટેન્કરનો ચાલક ઘટના સ્થળેથી ભાગી છૂટયો હતો.

પનાપુર ગામના કિરણસિંહ શાન્તુસિંહ ઝાલા તેમના પિતા શાન્તુસિંહ વરવુસિંહ ઝાલાને લઈને પોતાના બાઈક નં. જીજે ૯ સીઆર ૫૦૯૪ ઉપર ખેતરથી ઘર તરફ જવા નીકળ્યા હતા. સવારના આઠેક વાગ્યાના સુમારે તેઓ બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે પૂરઝડપે સામેથી આવતી દૂધની ટેન્કર (નં. જીજે ૯ ઝેડ ૪૭૫૬)ના ચાલકે બેદરકારી દાખવતાં ટેન્કરની જોરદાર ટકકર કિરણસિંહના બાઈકને લાગતાં પિતા-પુત્ર બાઈક સાથે જ રોડ ઉપર પટકાઈ પડયા હતા. જેમાં કિરણસિંહને સાધારણ ઈજાઓ પહોંચી હતી જયારે તેમના પિતા શાન્તુસિંહને જમણા પગે તથા બંને હાથે અને શરીરના ભાગે ભારે ઈજાઓ પહોંચી હતી. જેઓ હિંમતનગરની એક ખાનગી હોસ્પિટલમાં દાકતરી સારવાર મેળવી રહ્યા છે. અકસ્માતના ગુનાની ફરિયાદ તલોદ પોલીસ દફતરે નોંધાવા પામેલ છે.

# પ્રાંતિજ એમ. સી. દેસાઈ હોસ્પિટલમાં નિઃશુલ્ક કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા.૧૫

પ્રાંતિજ ખાતે આવેલ એમ.સી. દેસાઈ હોસ્પિટલ ખાતે નારાયણી મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ અમદાવાદ અને જાન્ટસ

પ્રાંતિજ ખાતે નિઃશુલ્ક મેગા કેમ્પ યોજાયો હતો. જેમાં તબીબોને જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ ગોલ્ડ દ્વારા ફુલછડી અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા પણ ઉપસ્થિત રહ્યા હતા અને ડોકટરી સેવાનો લાભ લીધો હતો. સ્ટ્રીટ રહિશભાઈ કસ્બાતી, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ જાયન્ટસ ગોલ્ડના





ગૃપ ઓફ પ્રાંતિજ ગોલ્ડ દ્વારા આયોજિત નિઃશુલ્ક મેગા કેમ્પ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ તથા તાલુકામાંથી ૩૪૦ જેટલા દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો.

જાયન્ટસ ગૃપ દ્વારા એમ.સી. દેસાઈ હોસ્પિટલમાં ડેડબોડી મુકવાનું રેફ્રીજરેટર પણ અર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે હૃદયરોગના નિષ્ણાંત ડૉ. વિશાલ દરજી, મૂત્રમાર્ગ રોગોના નિષ્ણાંત ડૉ. અનુજ શાહ, જોઈન્ટ રીપ્લેસમેન્ટના નિષ્ણાંત ડૉ. લોકેશ ઠકકર, આંતરડા લિવરના પ્રમુખ બ્રીજેશભાઈ કોઠારી, જાયન્ટસ યંગ પ્રમુખ લલીતભાઈ સોની, સમીરભાઈ શર્મા, રીતેષભાઈ ખમાર, રઘુભાઈ રાવલ, કૌશલ બારોટ સહિત જાયન્ટસ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ત્યારે નારાયણી મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ દ્વારા પણ તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી હતી.

# સદ્ભાવના ગ્રુપ દ્વારા પાલનપુરના ગ્રામ્ય વિસ્તારમાં 'મા અમૃતમ્ કાર્ડ' કાઢી આપવામાં આવ્યા

પાલનપુર, તા. ૧૫

પાલનપુર તાલુકાના ધાણધા ગામે ગુજરાત સરકાર ની માં-અમૃતમ યોજનાનો લાભ ગામડે ગામડે જરૂરિયાત મંદ લોકોના ઘરે-ઘરે પહોચતો કરવાના હેતુ થી પાલનપુર તાલુકાની માં-અમૃતમ યોજનાની ટીમ અને સદભાવના ગ્રુપના યુવાનો એ ધાણધા ગામમાં બીજા ભાગનો કેમ્પ યોજાયો હતો.



આ કેમ્પની ખાસ વિશેષતા એ હતી કે સરકારી યોજનાનો લાભ યોગ્ય જરૂરિયાત મંદ લોકોના ઘર સુધી પહોચાડવાનું સદભાવના ગ્રુપના યુવાનોએ ખાસ આયોજન કર્યું હતું. જો કોઈ કુટુંબ સુધી માં-અમૃતમ યોજના કે અન્ય જોઈ પણ સરકારી યોજનાના ની માહિતી ના પહોચી હોય તો એવા જરૂરિયાત મંદ કુટુંબ સુધી એમના ઘરે જઈ યોજનાની માહિતી આપી જરૂરી ડોક્યુમેન્ટ લઈ યોગ્ય સરકારી કચેરી એ પહોચાડી લાભ અપાવવાની શરૂઆત કરી છે.જે સંદર્ભે આજ રોજ માં-અમૃતમ કેમ્પની માહિતી નહતી એવા ધાણધા ગામના ખેતરમાં વસવાટ કરતા બલવંતભાઈ ચાવડા ને કેન્સર ની બીમારી છે,ખેતી કરી ગુજરાન ચલાવતા આ કુટુંબને માં-અમૃતમ યોજનાનો લાભ અપાવવા તેમના ખેતરે જરૂરી યાંત્રિક ઉપકરણો લઈ જઈ તેમને માં-અમૃતમ યોજનાની સમજ આપી માં-અમૃતમ યોજનાનું કાર્ડ કાઢી આપ્યું હતું. આગામી સમયમાં બલવંતભાઈ ચાવડાનો ઈલાજ સરકારી ખર્ચે થશે તેની સમ્પૂર્ણ માહિતી પણ સદભાવના ટીમે આપેલ.

આ કેમ્પને સફળ બનાવવા માટે ધાણધા ગામના યુવાનો આ બન્ને કાર્યક્રમ ને સફળ બનાવવામાં માટે સદભાવના ગ્રુપના જગદીશ કોરોટ, ધવલ દરજી, નીકુલ ચૌધરી, સંજય ચાવડા, પીયુષ જુનરવાડીયા, જેન્તી ભીલડીયા, હિતેશ ચૌધરી, માનસંગ ચાવડાએ હરેશ ચૌધરીનો આભાર માન્યો હતો.

# પ્રાંતિજ હાઈવે બસ સ્ટેન્ડ શોભાના ગાંઠીયા સમાન

સલાલ, તા. ૧૫

પ્રાંતિજ શહેરના હાઈવે ત્રણ રસ્તા ઉપર બનાવવામાં આવેલ બસ સ્ટેન્ડ હાલ તો શોભાના ગાંઠીયા સમાન બની ગયું છે અને લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવેલ એસ.ટી. સ્ટેન્ડ આગળ જ ખાણી-પીણીના ધંધાવાળાઓએ કેબીનો ખડકી દીધા છે. જ્યારે ખાનગી વાહનોએ પણ અડ્ડો લગાવી દીધો છે. આમ તંત્રના અણધડ વહીવટના કારણે સરકારી

## લાખોના ખર્ચે બનેલ બસ સ્ટેન્ડ આગળ ધંધાવાળાના કેબીનો તેમજ ખાનગી વાહનોનો ખડકલો

ગ્રાન્ટનો દૂર ઉપયોગ થયો હોય તેવું જનતામાં ચર્ચાઈ રહ્યું છે. પ્રાંતિજ શહેરના એક અગ્રણીએ જ જણાવ્યું હતું કે શહેરીજનોના માંગના કારણે રાજય સરકારની ગ્રાન્ટમાંથી મુસાફરોને બેસવા માટે બસ સ્ટેન્ડ બનાવવામાં આવ્યું છે.

પરંતુ બસ સ્ટેન્ડ બન્યાના આજ દિન સુધી એસ.ટી. બસો બસ સ્ટેન્ડ આગળ આવતી જ નથી અને બસ સ્ટેન્ડમાં મુસાફરોને રોડની બાજુમાં ઉનાળાની ગરમીમાં તાપમાં સેકાતા રોડ ઉપર ઉભા રહીને બસોની રાહ જોવી પડે છે. આમ આ બસ સ્ટેન્ડ શોભાના ગાંઠીયા સમાન બની જવા પામ્યું છે. જેથી શહેરીજનોએ માંગ કરી છે કે હાઈવે ઉપર દોડતી તમામ બસો બસ સ્ટેન્ડ આગળ ઉભી રહે તેવી ફરજ પાડી દેવામાં આવે.

# પ્રાંતિજ શહેર ભાજપ પ્રમુખ કોણ? : ચર્ચાનું બજાર ગરમ

સલાલ, તા. ૧૫

ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લા તેમજ તાલુકા-શહેર પ્રમુખની નિમણૂંકો પૂર્ણ થઈ ચુકી છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાજપ શહેર પ્રમુખનો કાર્યકાળ પુરો થયે પાંચ માસનો સમય પૂર્ણ થયો હોવા છતાં શહેર પ્રમુખની નિમણૂંક ન કરાતાં શહેરમાં ભાજપ શહેર પ્રમુખ કોણ બનશે અને ક્યારે બનશે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે.

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ વિજયભાઈ રૂપાણી દ્વારા ગુજરાતના તમામ તાલુકાઓ અને જિલ્લાના સંગઠન પ્રમુખો, શહેર પ્રમુખોની નિમણૂંકની કામગીરી પૂર્ણ થઈ છે. જ્યારે પ્રાંતિજ શહેરના ભાજપ શહેર પ્રમુખનો સમયકાળ પૂર્ણ થવા છતાં નવા શહેર પ્રમુખની વરણીથી પ્રાંતિજ શહેરના પ્રમુખના પ્રબળ દાવેદારો નિત્યાનંદ બુડુમ ભટ્ટ સક્રીય અને પક્ષને સમર્પિત કાર્યકર છે. તેઓ પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ પદનો કાર્યભાર સંભાળી ચૂક્યા છે. અને સંગઠનમાં માહિતગાર છે અને ઓ.બી.સી. સમાજના કાર્યકર છે. બીજુ નામ જેમાં ચર્ચાઈ રહ્યું છે તે વિજય પટેલનું છે. પ્રાંતિજ શહેરમાં જો પાટીદાર ફેક્ટર કામ કરે તો નવાઈ નહી. વધુમાં વિજય પટેલ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સક્રીય સભ્ય છે. તેમની પ્રતિભા સ્વચ્છ છે. ત્યારે શહેર પ્રમુખની દાવેદારમાં ત્રીજુ નામ જિજ્ઞેશ પંડ્યાનું ચર્ચાઈ છે. જિજ્ઞેશ પંડ્યા પાલિકા પ્રમુખ રહી ચૂક્યા છે. પાલીકાનું સુકાન સંભાળવામાં હોંશીયાર છે. આ સિવાય અનેક નામો ચર્ચામાં છે. પરંતુ આ પ્રબળ દાવેદાર છે. જિલ્લા સંગઠનના જવાબદાર અધિકારીઓ તેમજ પદઅધિકારીઓ પ્રાંતિજ શહેર પ્રમુખ માટેની યોગ્ય વ્યક્તિની નિમણૂંક ઝડપથી થાય તેવું પક્ષના કાર્યકરો તેમજ નગરજનોના મુખે ચર્ચાય છે. ક્યારેક સંગઠનના અધિકારીઓ, નેતાઓ પોતાને જૂથના ગોઠવવા માટે સોંગઠા તો નથી ગોઠવી રહ્યાં ને ? જે હોય તે પ્રાંતિજ શહેરના વિકાસમાં મદદરૂપ થાય તેવા કોઈપણ વ્યક્તિને પાર્ટી દ્વારા નિમણૂંક થાય તે જરૂરી છે. અંતે તે સર્વસત્તા સંગઠનના સત્તાધીશોની છે.

# નાથાવાસમાં યુવતિ પર બળાત્કાર ગુજાર્યો

વડાગામ, તા. ૧૫

માલપુર તાલુકાના નાથાવાસ ગામની ૨૩ વર્ષીય યુવતીને મેઘરજ તાલુકાના એક ગામમાં પરણાવેલી હતી. યુવતી થોડા સમયથી પોતાના પિયર નાથાવાસ ગામે રહેતી હતી. ગત શુક્રવારના રોજ બપોરે ૨ વાગ્યાના અરસામાં યુવતી ખાંડ લેવા માટે ગામમાં આવેલ કરિયાણાની દુકાને ગઈ હતી અને ખાંડ લઈને પરત ફરી તે દરમિયાન રસ્તામાં નાથાવાસ ગામનો માના બાબુભાઈ પાંડોર અને રીક્ષાચાલક ભુદા અસમાભાઈ તરાળ રીક્ષા લઈ આવી ચડ્યા હતા અને રીક્ષામાં પાછળ બેઠેલા માંના બાબુભાઈ પાંડોરે યુવતીને બળજબરીથી ખેંચીને રીક્ષા બેસાડી દીધી હતી અને તેનું અપહરણ કરી ગોઢ ગામની સીમમાં આવેલ નર્સરીમાં લઈ ગયા હતા. ત્યાં લઈ જઈ યુવતીને નરાધામ માંના બાબુ પાંડોરે પ્લાસ્ટીકની પાઈપ વડે પગ અને કમ્મરના ભાગે અસહ્ય માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને યુવતી સાથે બાબુ પાંડોરે બળજબરીથી મરજી વિરૂદ્ધ શરીર સુખ માણ્યું હતું. ત્યારબાદ યુવતીને રીક્ષામાં બેસાડી તેના પિતાના ઘર નજીક ઉતારી ભાગી છુટ્યા હતા. યુવતીએ ઘરે આવીને આ ઘટનાની જાણ તેના માતા-પિતાને કરતાં યુવતીની હાલત ગંભીર જણાતા તેને ૧૦૮ દ્વારા મેઘરજ સાર્વજનિક હોસ્પિટલ લાવવામાં આવી હતી. આ અંગેની જાણ માલપુર પોલીસને થતાં માલપુર પી.એસ.આઈ. ચૌધરી પોલીસ સ્ટાફ સાથે મેઘરજ સાર્વજનિક હોસ્પિટલ પહોંચી અપકૃત્ય આચરનાર બાબુ પાંડોર અને તેને મદદ કરનાર ભુદા તરાળ વિરૂદ્ધ ફરિયાદ લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## અતીતની આજ

● ૪ પાનાનું ચાલુ...

લાભ મળશે તેમજ જૈન ટ્રસ્ટો થકી શિક્ષણ સંસ્થાઓના સંચાલન માટે લઘુમતી દરજ્જો અનુકૂળતા કરી આપશે. દેશનાં જૈનતીર્થોની પ્રભાવી સંચાલક સંસ્થા આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ તરીકે સ્વ. શ્રેણિક કસ્તુરભાઈના અનુગામી એવા ઉદ્યોગપતિ સંવેગ લાલભાઈ કે પેઢી તરફથી જૈન લઘુમતી અંગે કોઈ પ્રગટનિવેદન કરાયું નથી.

વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ સમગ્ર દેશમાં ૪૪૫૧૭૫૩ (સાડા ચુંવાળીસ લાખ) જેટલા જૈનો ભારતમાં વસે છે. તેમાં ૨૨ લાખ ૭૮ હજાર પુરુષો અને ૨૧ લાખ ૭૩ હજાર સ્ત્રીઓનો સમાવેશ છે. ગુજરાતમાં ૫ લાખ ૮૦ હજાર જેટલા જૈનોમાંથી ૩ લાખ પુરુષ અને ૨.૮૫ લાખ સ્ત્રીઓનો સમાવેશ છે. જૈનોની સૌથી વધુ વસ્તી (૧૪ લાખ જેટલી) મહારાષ્ટ્રમાં વસે છે. દેશમાં જૈનોમાં સાક્ષરતાનું પ્રમાણ સૌથી વધુ એટલે કે ૯૪.૧ ટકા જેટલું છે. હિંદુઓમાં આ પ્રમાણ માત્ર ૬૫.૧ ટકા જેટલું છે અને મુસ્લિમોમાં ૫૯.૧ ટકા જેટલું છે. ગુજરાત કરતાં રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં જૈનોનું પ્રમાણ વધુ છે. રાજસ્થાનમાં ૬ લાખ ૨૨ હજાર અને મહારાષ્ટ્રમાં ૧૪ લાખ જૈનો વસે છે. સંભવતઃ એટલે જ જૈનોને લઘુમતીમાં મૂકવા માટેની છેક સુપ્રીમ કોર્ટ સુધી લડત ચલાવનાર જૈન અગ્રણી બાળ પાટીલ (ઑલ ઈન્ડિયા જૈન માયોનરિટી ફોરમના સેક્રેટરી જનરલ) પણ મહારાષ્ટ્રમાંથી જ સક્રિય રહ્યા છે. સંયોગ એવો છે કે જૈનોની એકાદ શતક જૂની માગણી માટે લડત ચલાવતા રહેલા અગ્રણી બાળ પાટીલની લડત તેમની હયાતીમાં સફળ થઈ શકી નહીં. છેક ૧૯૦૯માં બ્રિટિશ ઈન્ડિયાના વાઈસરૉય લૉર્ડ મિન્ટો સમક્ષ મુંબઈના શેઠ માણેકચંદ હીરાચંદે જૈનોને લઘુમતી સમાજ ગણીને વિશેષ લાભ આપવા માગણી કરી હતી. એ લડતને જૈન અગ્રણીઓએ પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ સમક્ષ પણ આગળ વધારી હતી, પરંતુ છેક ૧૯૯૩માં રાષ્ટ્રીય લઘુમતી પંચ કાર્યરત થયું ત્યાર પછી સરકાર અને અદાલતોમાં એની ગાજવીજ કરવામાં મુંબઈના બાળ પાટીલ કેન્દ્રસ્થાને હતા.

જૈન અગ્રણી બાળ પાટીલનો તર્ક હતો કે રાષ્ટ્રીય કક્ષાએ મુસ્લિમો લઘુમતી ગણાય છે, પણ એ જમ્મુ-કાશ્મીરમાં બહુમતીમાં છે. શીખો લઘુમતીમાં ગણાય છે, પણ એ પંજાબમાં બહુમતીમાં છે. ખ્રિસ્તીઓ લઘુમતીમાં ગણાય છે, પણ પૂર્વાંચલમાં કેટલાંક રાજ્યોમાં એ બહુમતીમાં છે એટલે ખરા અર્થમાં રાષ્ટ્રીય સ્તરે જૈનો જ એવી લઘુમતી છે જે દેશમાં જ નહીં, તમામ રાજ્યોમાં પણ લઘુમતીમાં છે. સર્વોચ્ચ અદાલતે લાંબી લડત પછી જૈનોને જે તે રાજ્યની પરિસ્થિતિને ધ્યાને લઈને લઘુમતી જાહેર કરવાની મોકળાશ કરી આપી હતી. જૈન અગ્રણી પાટીલે નવેમ્બર-૨૦૦૬માં લખેલા લેખમાં કહ્યું હતું કે અત્યારે ભારતનાં ૭ રાજ્યોમાં જૈનોને લઘુમતીનો દરજ્જો અપાયો છે એનો અર્થ એ થયો કે બાકીનાં રાજ્યોમાં જૈનોને હિંદુ ગણવામાં આવે છે. જૈનો, બૌદ્ધો અને શીખોને ભારતીય કાનૂનમાં હિંદુઓનો જ કાનૂન લાગુ પડાય છે, પણ બૌદ્ધો અને શીખોને હિંદુ નહીં ગણીને ધાર્મિક લઘુમતી ગણવામાં આવે છે તો જૈનોને કેમ નહીં? જૈનોને લઘુમતીનો દરજ્જો આપવાની તરફેણ અને વિરોધના લાંબા સંઘર્ષ પછી અત્યાર સુધી ભારતનાં ૧૪ રાજ્યોમાં જૈનોને લઘુમતીનો દરજ્જો અપાયો છે. અત્યાર લગી સંઘ-ભાજપ-વિહિંપનો જૈનોને લઘુમતીનો દરજ્જો અપાય એ સામે વિરોધ હતો, પણ હવે ભાજપની સરકારોએ પણ વિરોધની તલવાર મ્યાન કરીને રાહુલબાબાના માર્ગનું અનુસરણ કરવા માંડ્યું છે. આર્થિક રીતે સમૃદ્ધ ગણાતા જૈનસમાજનું સમર્થન મેળવવાની રાજકીય ગણતરી સંઘ-ભાજપની નીતિના શીર્ષાસન પાછળ જવાબદાર ગણવામાં આવે છે.

# પાલનપુરમાં અખાદ્ય બરફનો ઉપયોગ કરી આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યા છે

પાલનપુર સહિત જિલ્લાભરમાં ઉનાળો તેની ચરમ સીમાએ પહોંચ્યો છે. ત્યારે જિલ્લાભરમાં ગરમી સામે રાહત માટે બરફની માંગમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. જેને ઠંડા પીણાના વેપારીઓ મોટા પાયે અખાદ્ય બરફનો ઉપયોગ કરી ખુલ્લેઆમ જન આરોગ્ય સાથે ખીલવાડ કરી રહ્યા છે.

# પાલનપુરના લક્ષ્મીપુરામાં યુવકનું અપમૃત્યુ

પાલનપુરના જુના લક્ષ્મીપુરામાં રહેતા યુવક જીતેન્દ્ર શામળભાઈ નાઈ અગમ્ય કારણોસર મોતને વ્હાલુ કર્યુ હતુ. આથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

## શાનદાર વ્યક્તિત્વ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ મજા હતી. પિતા નાની ઉંમરે અવસાન થતા માતાએ કોરસમાં ગાવાનુ શરૂ કર્યુ હતુ. જયારે માતાની મદદથી રિયાઝ કરતા શાને આજે જાદુઈ સુરના સથવારે અનોખી પહેચાન બનાવી છે. અભિનેતા , સંગીતકાર તેમજ ગાયક તરિકે મેલોડીયસ તેમજ રોમેન્ટીક સોંગ્સના મહારાજાની ઓળખ પ્રસ્થાપિત કરનાર શાને વોઈસ ઓફ પેરેડાઈસ તેમજ ગોલ્ડન વોઈસ ઓફ ઈન્ડીયાનુ બિરુદ મેળવ્યુ છે. ફનાહ, પ્રેમ રતન ધન પાયો કલ હો ન હો થી ઈડીય્ટસ સહીતની અનેક સફળ ફિલ્મોમાં ગીતો રજુ કરનાર અને સા રે ગ મ અને સ્ટાર વોઈસ ઓફ ઈન્ડીમાં હોસ્ટ રહી ચુકેલા શાનના ગીતો આગામી ફની ફિલ્મસ ધ ગ્રેટ ગ્રાન્ડ મસ્તી અને કોફી વિથ ટી માં પણ સાંભળવા મળશે. જયારે જુલાઈમાં તેમનુ એક ગુલ્ઝાર લિખિત આલ્બમ પણ રજુ થવા જઈ રહયુ છે. આ ઉપરાંત જુલાઈમાં વોઈસ ઓફ કિડસ પણ રજુ થશે. ગુજરાતના જમાઈ હોવાના નાતે ગુજ્જુઓ સાથે અનોખો નાતો ધરાવતા શાન મુખર્જીને ગુજરાતી ગીતો ગાવાનુ પણ વિશેષ પસંદ છે. તેમણે મજાકના મુડમાં જણાંવ્યુ હતુ કે ગુજરાતી ગીત ગાવાનો મોકો મળે તો સાસુમાં ખુશ થાય બે યાર જેવી ગુજરાતી ફિલ્મ આવે તો ગુજરાતી ગીતો ગાવાનુ ચોક્કસ પસંદ આવે. શાનના મતે કલાકારો માટેનો અભિગમ પણ શાનદાર જ હોવો જોઈએ ગુલામ અલી જેવા કલાકારને ભારતમાં પ્રવેશ આપવામાં આવતો નથી તે અંગે પણ તેમણે સંગીતક્ષેત્રનો આદર કરતા જણાંવ્યુ હતુ કે સંગીતને કોઈ સરહદ સિમાડા નડવા ન જોઈએ. શ્રોતાઓ પણ સારા કલાકારોની કદર કરે છે. શાનના બે પુત્ર સોહમ અને શુભ પણ સારા સીંગર બની શકે તેવી ગાયકી ધરાવે છે. કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવની ઉજવણીમાં શાનની સાથે આજે સહકલાકાર તરીકે નવા ઉભરતા અપેક્ષા હાંડેકર તેમજ પ્રિતીએ પણ પરફોર્મ કર્યુ હતુ.

## મહાવિચાર ગોષ્ઠિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બેઠકમાં શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવની સિદ્ધિઓ પર અલગથી ચર્ચાઓ કરવામાં આવનાર છે. શાળા-આરોગ્ય તપાસણી અને શાળાઓની ભૌતિક સુવિધાઓ તેમજ શ્રેષ્ઠ શાળા સ્પર્ધાને લઈ પણ ચર્ચા કરાશે.

પ્રા. શાળાના બાળકો માટે અમલી એવી મધ્યાહન ભોજન યોજના અંગે પણ આ બેઠકમાં ખાસ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાળકોને અપાતા ભોજનની ગુણવત્તા, તેની પાછળ થતો ખર્ચ તેમજ બાળકોની હાજરી પર થતી અશરો સહિતના મુદ્દાઓ આવરી લેવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્યમાં શિક્ષણ વિભાગ દ્વારા જુનાગઢ, વિસાવદર પંથકમાં ચિંતન શિબિર બાદ આ મહાવિચાર ગોષ્ઠી હવે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે યોજવામાં આવી રહી છે. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્યમંત્રી શ્રી વાનાણી પણ આ બેઠકમાં હાજર રહેનાર છે.

મહાત્મા મંદિર ખાતેની આ મહાવિચાર ગોષ્ઠી પછી રાજ્યમાં ૯ થી ૧૧ દરમ્યાન યોજાનાર શાળા પ્રવેશોત્સવના આયોજનને આખરી ઓપ અપાશે. આ ગોષ્ઠી દરમ્યાન છઠ્ઠા ગુણોત્સવનું પરિણામ પણ ઘોષિત કરવામાં આવે તેવી શક્યતા છે.